ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગરમાં મહાશિવરાત્રીનું પર્વ ભક્તિભાવપૂર્વક ઉજવાયું





(તસવીર : દિપક જાની)

**સે. ૨૨ના પંચદેવ મંદિર અને લીંબડીયાના પંચેશ્વર મહાદેવે લોકમેળા ભરાયા : ઓમ નમઃ શિવાયના નાદ ગુંજી ઉઠ્યા : ઠેર ઠેર શિવાલયોમાં આરતી, લઘુરુદ્દ, સંતવાણી અને ડાયરાનું આયોજન કરાયું : સ્વાઈન ફ્લુ માટે ઉકાળા પીવડાવવામાં આવ્યા**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેર અને તાલુકામાં આજે મહા શિવરાત્રીનું પર્વ ભારે હર્ષોલ્લાસ અને ભક્તિપૂર્ણ મહોલમાં ઉજવાયું હતું. અનેક ઠેકાણે પરંપરાગત લોકમેળા ભરાયા હતા અને શિવ મંદિરોમાં ઓમ નમઃ શિવાયનો નાદ ગુંજી ઉઠ્યો હતો.



સેક્ટર-૨૨માં આવેલ પંચદેવ મંદિર ખાતે પરંપરાગત મહા શિવરાત્રીનો મેળો ભરાયો હતો. આ મેળામાં બપોર પછી ભારે માનવ મહેરામણ ઉમટ્યું હતું. મેળામાં ચકડોળથી માંડીને વિવિધ સ્ટોલ્સ સહિતના તમામ કલાના આકર્ષણો યોજાયા હતા. આ ઉપરાંત ચ-રોડની બંને તરફની ફૂટપાથ પર રમકડાં, વાસણો અને અનેક ચીજવસ્તુઓ વેચવાવાળા, પાથરણાવાળા વેપારીઓ છવાઈ ગયા હતા. લોકોએ ભગવાન શિવના દર્શન સાથે આ લોકમેળાનો પરિવાર સાથે આનંદ ઉઠાવ્યો હતો. આ મેળામાં સ્વાઈન ફ્લુ બિમારીને લોકોને નાથવા ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો.

ગાંધીનગરના તમામ શિવ મંદિરોમાં શિવનાદ ગુંજી ઉઠ્યો હતો. અને લઘુરુદ્ર તેમજ સંતવાણી સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. શ્રદ્ધાળુઓએ શિવજીને દૂધનો અભિષેક અર્પણ કર્યો હતો. અને ભક્તિભાવ પૂર્વક દર્શન કરી શિવપ્રસાદનો લાભ ઉઠાવ્યો હતો. ગાંધીનગર તાલુકાના લીંબડીયા ખાતે આવેલ પંચેશ્વર મહાદેવ ખાતે પણ લોકમેળો ભરાયો હતો. જ્યાં શ્રદ્ધાળુઓનો માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. અહીં પણ મેડિકલ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું અને સ્વાઈન ફ્લુ માટે ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત આરતી, લઘુરુદ્ર, સંતવાણી, ભજનો અને ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તમામ શ્રદ્ધાળુઓ માટે મહાપ્રસાદ ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. ગાંધીનગર તાલુકાના અન્ય શિવ મંદિરો જેવા કે વાસણીયા મહાદેવ, જામળાના આસુદેવ મહાદેવ, અને નગરના તમામ શિવાલયોમાં આજે મહાશિવરાત્રીનો તહેવાર ભારે ભક્તિભાવ અને ઉલ્લાસપૂર્ણ માહોલમાં ઉજવાયો હતો.

# ગાંધીનગરમાં નર્સરી-કેજીના પ્રવેશની મોસમ

**આગામી નવા શૈક્ષણિક સત્રથી નર્સર-કેજીના પ્રવેશ માટેનું લીસ્ટ ઘણી શાળાઓએ જાહેર કર્યું : ફી ભરવાની પ્રક્રિયા શરૂ**

ગાંધીનગર, તા.૧૫

આગામી નવા શૈક્ષણિકસત્ર માટે નર્સરી - કેજીના પ્રવેશની પ્રક્રિયા ગાંધીનગરની ઘણી શાળાઓમાં શરૂ થઈ ચૂકી છે. પ્રવેશ લીસ્ટ અને વેઈટીંગ લીસ્ટ જાહેર થઈ ચુક્યું છે. તો ઘણી શાળાઓમાં પ્રવેશ ફી ભરવાનો પ્રારંભ કરી દેવાયો છે.

બીજું શૈક્ષણિક સત્ર હવે પુરું થવામાં છે. બોર્ડના વિદ્યાર્થીઓ પરીક્ષાની પુરજોશમાં તૈયારી કરી રહ્યા છે તો શાળાઓ પરણ નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પ્રક્રિયામાં વ્યસ્ત છે. શહેરની પ્રતિષ્ઠિત શાળામાં ભણવું હોય તો નર્સરી - કેજીથી જ પ્રવેશ મેળવી લેવું હિતાવહ છે. શહેરની સેન્ટ ઝેવિયર્સ સ્કુલ, માઉન્ટ કાર્મેલ અને કડી સંકુલમાં નર્સરીમાં પ્રવેશની પ્રક્રિયા આમ તો ડિસેમ્બર માસથી જ શરૂ થઈ ચુકી હતી. પ્રવેશ ફોર્મ ભર્યા બાદ ઈન્ટરવ્યુની પ્રક્રિયા ગયા મહિને પૂર્ણ કર્યા બાદ ઘણી શાળાઓએ એડમીશન લીસ્ટ અને વેઈટીંગ લીસ્ટ જાહેર કરી દીધું છે. જેને પ્રવેશ મળ્યો હોય તેવા બાળકોની આગામી શૈક્ષણિક વર્ષની ફી ભરવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેનીય છે કે, ગાંધીનગરમાં ઘણી પ્રતિષ્ઠિત અને બ્રાન્ડેડ શાળાઓનો પ્રારંભ થયો છે. નેશનલ - ઈન્ટરનેશનલ કક્ષાએ જે શાળાઓની નામના છે તેની બ્રાન્ચ શહેરમાં શરૂ થતાં તેમાં પ્રવેશની પ્રક્રિયા

● અનુસંધાન પાન-૭ પર

# સફાઈ વેરામાં જંગી વધારો પાછો ખેંચવા સંસ્થાઓની પ્રબળ માંગ

**નગરની સ્વૈચ્છિક સંસ્થાઓએ મેયરને આવેદનપત્ર આપ્યુ**

ગાંધીનગર, તા. ૧૭

ભાજપ શાસિત મહાનગરપાલિકાએ સફાઈ વેરામાં જંગી વધારો કરવાનો નિર્ણય લેવાતા આમ નાગરિકોમાં આક્રોશ પ્રવર્ત્યો છે. સફાઈ વેરામાં જંગી વધારાનો નિર્ણય પાછો ખેંચવા શહેર વસાહત મહામંડળ સહીતની સંસ્થાઓએ મેયર સમક્ષ રજૂઆત કરી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચના જણાવ્યા મુજબ મહાનગરપાલિકાએ વર્ષ ૨૦૧૫-૧૬ ના વર્ષથી સફાઈ વેરામાં જંગી વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ મામલે મહામંડળ સહીત નગરની અન્ય સંસ્થાઓના પ્રતિનિધિઓએ આજે મેયર તેમજ મ્યુનિસિપલ કમિશનર સમક્ષ આ અંગે રજૂઆત કરી હતી. જેમાં જણાવ્યા મુજબ અસહ્ય મોંઘવારી અને ઔદ્યોગિક વિકાસ ઘટવાના લીધે ફુગાવો ચિંતાનો વિષય બન્યો છે. ત્યારે સફાઈવેરામાં વધારો કરવાનો નિર્ણય પાટનગરની પ્રજાને ભાજપ વિમુખ બનાવશે. અનેકવિધ વેરાઓ અને મોંઘવારીના લીધે પ્રજા જીવન અસ્તવ્યસ્ત બની ગયું છે. આવા સંજોગોમાં સફાઈવેરા સહીતના કરવેરા વધારતા રહેવાથી આમજનતાઓ પર સંકટ ઉભુ થયું છે. કરવેરો વધારવા પાછળ પ્રજાના સૂચનો સાંભળવાની તસદી પણ મ્યુનિ સત્તાવાળાઓએ લીધી નથી. મહાનગરપાલિકા પાસે માત્ર સફાઈનો વિષય હોવા છતા કરોડો રૂપિયાની ફાળવણીના અંતે પણ સફાઈના મામલે કોઈ નક્કર આયોજન થયુ નથી. સ્વચ્છ ભારતના અભિયાન બાદ પણ સફાઈના મામલે નગર બદતર હાલતમાં છે.

આમ નાગરિકોના મહેનતના પૈસા આમજનતાની મુલાકાતી માટેના ઉપયોગમાં લેવાય તેવુ આયોજન કરવા પણ જણાવાયું છે. પાટનગરમાં ઉજવાતા ઉત્સવોને કારણે થતી ગંદકી દૂર કરવા આયોજકો પાસેથી એડવોક સફાઈ ચાર્જ વસુલવામાં આવે તે જરૂરી છે. આ ઉપરાંત વેપારધંધો કરતા વિક્રેતાઓ, ધંધાદારીઓ પાસેથી એડહોક ભાડા વસુલી કરવા મીલીભગતની નીતિ પર નિયંત્રણ મુકી દૃષ્ટાંતરૂપ દંડવસુલી કરવામાં આવે તે પણ અનિવાર્ય બન્યુ છે.

# વિધાનસભા સત્રને પગલે શહેરમાં ગોઠવાતો ચાંપતો પોલીસ બંદોબસ્ત

**3 કંપની એસઆરપી ઉપરાંત ગાંધીનગર રેન્જની પોલીસ બંદોબસ્તમાં તૈનાત**

ગાંધીનગર, તા. ૧૭

ચાલુ માસમાં વિધાનસભા સત્રનો આરંભ થઈ રહ્યો છે ત્યારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે શહેરમાં વિધાનસભાને પગલે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવા સ્કીમ તૈયાર કરી દેવામાં આવી છે. ગાંધીનગર રેન્જમાંથી પોલીસને બંદોબસ્તમાં મુકવામાં આવશે.

વિધાનસભા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગાંધીનગર રેન્જમાંથી પોલીસ બંદોબસ્ત માટે બોલાવવામાં આવશે. ડીએસપીના સુપરવિઝન હેઠલ વિધાનસભા સત્ર દરમ્યાન પાંચ ડીવાયએસપી, ૧૨ પી.આઈ., ૩૦ પીએસઆઈ, ૨૦૦ પોલીસ જવાનો, ૨૫ મહિલા પોલીસ, ૨૦ ટ્રાફીક પોલીસ, ૧૫ કમાન્ડો, એક બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ, ૩ કંપની એસઆરપી અને એક વૉટર કેનન તૈનાત કરવામાં આવી છે. શહેરમાં ૨૩ ફેબ્રુઆરીથી લોખંડી સુરક્ષા માટે બંદોબસ્ત ખડે પગે કરી દેવામાં આવશે.

# મુક્તિધામની આસપાસ દુર્ગંધનું સામ્રાજ્ય

**અહીં બાજુમાં જ ડમ્પિંગ સાઈટ શરૂ : કચરા અને પાણીના મિશ્રણ અને કોહવાટથી આવતી દુર્ગંધથી ભારે હાલાકી**


ગાંધીનગર, તા. ૧૭

સેક્ટર-૩૦માં મુક્તિધામ પાસે કચરાની ડમ્પિંગ સાઈટ બનાવાતા આસપાસના વિસ્તારમાં ભારે ગંદકી અને દુર્ગંધનુ સામ્રાજ્ય ફેલાયું છે.



સ્વજનની અંતિમવિધિ માટે મુક્તિધામ આવતા વસાહતીઓને પણ નાકે રૂમાલ બાંધવો પડે તેવી દુર્ગંધ અહીં ફેલાય છે.

ગાંધીનગરમાં કચરો અને ગંદકી મોટી સમસ્યા છે. શહેરનો કચરો ઉપાડવાની અને સાફ-સફાઈની વ્યવસ્થા માડં ગોઠવાઈ છે ત્યાં ડમ્પિંગ સાઈટનો પ્રશ્ન સૌને પજવી રહ્યો છે. થોડાક વર્ષો અગાઉ કોલવડા ગામ પાસે ડમ્પિંગ સાઈટ હતી. ઘણા વર્ષો સુધી આખા ગામનો કચરો ઠલવાતો હતો પરંતુ આ બાબતે ગ્રામજનોનો વિરોધ ઉગ્ર બનતા અહીંથી ડમ્પિંગ સાઈટ ખસેડી લેવાઈ હતી. છેલ્લા કેટલાક સમયથી સેક્ટર-૩૦માં મુક્તિધામ પાસે ડમ્પિંગ સાઈટ બનાવી ત્યાં આખા ગામનો કચરો ઠાલવવામાં આવે છે. જેના કારણે સમગ્ર સેક્ટરમાં દુર્ગંધનું સામ્રાજ્ય છવાયું છે. જે સ્થળને પવિત્રતા મળવી જોઈએ તે મુક્તિધામની આસપાસ ગંદકી, કચરા અને દુર્ગંધનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. સમગ્ર વિસ્તાર દુર્ગંધમય બન્યો છે. સ્વજનની અંતિમવિધિ માટે મુક્તિધામ આવતા વસાહતીઓ અને આસપાસના ગ્રામજનોને આ ગંદકી અને દુર્ગંધના કારણે મોં પર રૂમાલ રાખવો પડે છે. સવારે અને સાંજે દુર્ગંધ વધુ ફેલાતી હોવાની ફરિયાદ વસાહતીઓ કરી રહ્યા છે. સેક્ટર-૩૦માં વસાહતી વિસ્તાર ખુબ વધુ છે. વળી અહીં મુક્તિધામમાં પણ અવરજવર રહે છે ત્યારે ડમ્પિંગ સાઈટ અહીંથી ખસેડી લેવા વસાહતીઓ માંગ કરી રહ્યા છે. અન્ય દૂરના સ્થળે કચરો નાંખવાની વ્યવસ્થા થવી જોઈએ તેવી માંગ નગરજનો કરી રહ્યા છે.



Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com